CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૧ ઓગષ્ટ, ૨૦૨૫


# વડોદરામાં હવે મુંબઇ ના કલાકારો દ્વારા તૈયાર કરાયેલી પ્રતિમાઓ લાવવાનો ક્રેઝ વધ્યો

મહારાષ્ટ્ર બાદ ગુજરાતીમાં બીજા નંબરે શ્રીજી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.દસ દિવસ વડોદરાના એન.આર.આઇ પણ અહીં આવતા હોય છે પવિત્ર શ્રાવણ માસની શરૂઆત સાથે જ આપણા હિન્દુ ધર્મોના તહેવારો ઉત્સવો શરૂ થઈ જતાં હોય છે જે દિવાળી સુધી અવિરત ચાલ્યા કરતાં હોય છે.તા. 25 જૂલાઇ ને શ્રાવણ સુદ એકમ શુક્રવારથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે અને વિવિધ ધાર્મિક તહેવારોની પણ શરુઆત થઈ ગઈ છે જેમાં તાજેતરમાં જ નાગપંચમી, રાંધણ છઠ્ઠ અને શીતળા સાતમ નો તહેવાર પણ આવી ગયો છે

અને આગામી દિવસોમાં તા.27ઓગસ્ટ,2025ને ભાદરવા સુદ ચોથ બુધવારથી દૂંદાળા દેવ, વિઘ્નહર્તા એવા ગણેશજીનો દસ દિવસ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. મહારાષ્ટ્ર બાદ બીજા નંબરે શ્રીજી ઉત્સવની ઉજવણી કરવામાં આવતી હોય તો તે ગુજરાતની સંસ્કારી નગરી, ગાયકવાડી નગરી અને કલાનગરી તરીકે ઓળખાતી વડોદરા નગરીમાં ઉજવવામાં આવે છે. વડોદરામાં મહારાષ્ટ્રિયન સમાજની સાથે સાથે દરેક રાજ્યના,ધર્મ અને જ્ઞાતિના લોકો હળીમળીને ભાઈચારા સાથે દરેક લોકો શ્રીજી ઉત્સવની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવે છે.

વડોદરા શહેરના ગણેશમંડળોમા મુંબઈના કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવતી શ્રીજીની પ્રતિમાઓ નો ક્રેઝ વધ્યો છે અને કેટલાક મંડળો મુંબઇ થી ખાસ વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન થકી મોટી પ્રતિમાઓ લાવી પંડાળોમા સ્થાપના કરે છે. સંસ્કારીનગરી વડોદરાના આવા કેટલાક ગણેશ મંડળો દ્વારા મુંબઈ થી જે શ્રીજીની પ્રતિમાઓ લાવવામાં આવે છે તેની પાછળ જ નહીં પરંતુ શ્રીજીની આગમનયાત્રાથી સ્થાપના અને વિસર્જન યાત્રા સુધી ખર્ચમાં કોઈપણ પ્રકારની કરકસર કરવામાં આવતી નથી ત્યારે વડોદરામાં તૈયાર થતી પ્રતિમાઓ અને મુંબઈ ના કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવતી પ્રતિમાઓ વચ્ચે શું અલગ જોવા મળે છે તે જાણીએ.



## મુંબઇમા શ્રીજીની પ્રતિમાઓ બનાવતા કલાકારોની કલાથી અભિભૂત વડોદરાવાસીઓ







### મુંબઇના મૂર્તિકારો દ્વારા તૈયાર કરાતી પ્રતિમામાં સૌમ્યતા, મુખનું તેજ અભિભૂત કરે છે

રાવપુરા યુવક મંડળ દ્વારા રાવપુરા સ્થિત ખર્ચીકરના ખાંચો તરીકે ઓળખાય છે ત્યાં અમે છેલ્લા 75 વર્ષોથી શ્રીજી ઉત્સવની ઉજવણી કરીએ છીએ અહીં મોટા પંડાળ તૈયાર કરવામાં આવે છે જ્યાં દસ દિવસ ભક્તિ ઉત્સાહભેર શ્રીજીની સ્થાપના કરવામાં આવે છે અગાઉ અમે વડોદરાના કલાકારો પાસે ઓર્ડર આપી શ્રીજીની પ્રતિમા તૈયાર કરાવતા હતા પરંતુ અહીં ફાયનાન્સિયલ ડિમાન્ડ સામે સમયસર અને યોગ્ય કામ ન મળતાં જ્યારે અમે મુંબઈના શ્રીજી ઉત્સવ દરમિયાન દર્શન કરવા ગયા ત્યારે ત્યાં જે પ્રતિમાઓ મૂર્તિકારો તૈયાર કરે છે તે પ્રતિમાના મુખ, સૌમ્યતા જોઇને અભિભૂત થઇ ગયા હતા અને ગતવર્ષે અમે સોશિયલ મીડિયા પર ત્યાંના એક મૂર્તિકારને શ્રીજીની પ્રતિમા તૈયાર કરતા જોઇ તેમનો સંપર્ક કર્યો હતો અને સરસ્વતી માતાના સ્વરૂપમાં શ્રીજીની વીણા સાથેની પ્રતિમા તૈયાર કરવડાવી હતી જે પ્રતિમાને વરસાદમાં ખૂબ કાળજી રાખીને સંભાળીને ત્રણ દિવસે ટ્રેલરમા વડોદરા લાવ્યા હતા ત્યારે આ વર્ષે એ જ કલાકારને અમે વડોદરા ખાતે જગ્યા આપીને અહીં જ વર્કશોપ તૈયાર કરાવી બે મહિના અગાઉ પ્રતિમા તૈયાર કરાવી છે જેમાં શ્રીજીનું મુખ શિવજી જેવું અને પાછળ કિર્તી મુખ રાખ્યું છે જેની પાછળ એક ધાર્મિક કથા જોડાયેલી છે આ પ્રતિમાનું ગત તા 26જૂલાઇના રોજ વાજતેગાજતે, વિવિધ મંડળો,ડમરૂ ની ખાસ ટીમ,ઢોલતાસા આતશબાજી વચ્ચે આગમનયાત્રા યોજવામાં આવી હતી જેમાં સ્વયંભૂ માનવમેદની ઉમટી હતી. લહેરીપુરા દરવાજા પાસે મહા આરતી કરવામાં આવી હતી.પ્રતિમા કુલ 23 ફૂટની છે. વીરુ શર્મા - મુખ્ય આયોજક, રાવપુરા યુવક મંડળ,ખર્ચીકરનો ખાંચો

### આ વર્ષે મુંબઈથી ભગવાન વિષ્ણુના અષ્ટાવતાર સાથે ભગવાન કલ્કિની પ્રતિમા સ્થાપિત કરીશું


અમે નવયુગ મિત્ર મંડળ, પૌવાવાલી ગલી, ચાંપાનેર દરવાજા, ફતેપુરા ખાતે આમ તો 67 વર્ષોથી શ્રીજીની સ્થાપના સાથે શ્રીજી ઉત્સવની ઉજવણી કરીએ છીએ પરંતુ વર્ષ 2015 થી મુંબઇના મૂર્તિકારો પાસેથી વિવિધ થીમ આધારિત પ્રતિમાઓ ઓર્ડર આપી તૈયાર કરાવીએ છીએ તેનું કારણ પવિત્રતા અને શુધ્ધતા સાથે ત્યાંના કલાકારો જે પ્રતિમા તૈયાર કરે છે તેમાં પ્રતિમા જાણે બોલી ઉઠશે તેવી હોય છે ત્યારે ગતવર્ષે અમે દશાવતાર સ્વરૂપે શ્રિજીની 23 ફૂટ ઉંચી પ્રતિમા મુંબઇ થી લાવી સ્થાપના કરી હતી અને આ વર્ષે ભગવાન વિષ્ણુના અષ્ટાવતાર સાથે ભગવાન કલ્કિના અવતાર સાથેના શ્રીજીની પ્રતિમા તૈયાર કરાવી રહ્યા છે જેનો સ્કેચ તે જ આર્ટિસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે જેના પ્રમાણે 22 ફૂટની પ્રતિમા ને આગામી તા.18 ઓગસ્ટના રોજ લાવવામાં આવશે આગમન બાદ તા.27 ઓગસ્ટના રોજ સ્થાપના કરવામાં આવશે. -અજય કાયસ્થ -આયોજક, નવયુગ મિત્ર મંડળ,પૌવાવાલી ગલી, ચાંપાનેર દરવાજા, ફતેપુરા




### સાવિત્રી હર્બલ અને સખી મંડળની દસ બહેનોની શ્રીજી ભક્તિ

## શ્રીજીની 250 જેટલી ઇકો ફ્રેન્ડલી પ્રતિમાઓ પૂણે મોકલવા માટે તૈયાર કરી દેવાઇ છે

પર્યાવરણને ધ્યાનમાં રાખીને હવે ધીમે ધીમે ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી રહી છે જેને ઓછા ખર્ચે તૈયાર કરી શકાય છે તથા ઘર આંગણે વિસર્જન કરી તે માટીનો ફરી ઉપયોગ કરી શકાય છે ત્યારે શહેરના સાવિત્રી હર્બલ અને સખી મંડળની મહિલાઓ દ્વારા ભગવાનને ચઢાવેલા તેમજ સજાવટમાં ઉપયોગ કરાયેલા અંદાજે એક હજાર કિલો ફૂલોને એકત્રિત કરી તેનું કંપોસ્ટ તૈયાર કર્યું હતું અને તેમાં ખેતરની કે જ્યાં ફર્ટિલાઇઝર વિનાની કાળી ચીકણી માટી એકત્રિત કરી તેની સાથે વિવિધ શાકભાજીના બીજ ઉમેરી 250 જેટલી ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી છે જેને પૂણે ખાતે મોકલવામાં આવશે. સાવિત્રી હર્બલ અને સખી મંડળની બહેનોએ આ પ્રમાણે વર્ષ 2022 માં ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી હતી શરુઆતમાં 30 પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી હતી જેની ધીમે ધીમે લોકો માહિતગાર થતાં વર્ષ 2023મા 50પ્રતિમાઓ, વર્ષ 2024મા 100 પ્રતિમાઓ તથા આ વર્ષે 2025 માં 250 જેટલી ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર કરવામાં આ વી છે.આ ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમાઓ અંગે સાવિત્રી હર્બલ ના રીના રાજ રસ્તોગી તથા સખી મંડળના કનુબેન ઠાકોરના જણાવ્યા અનુસાર તેઓને ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમાઓ માટે પૂણે અને બેંગ્લોર થી સંપર્ક કરવામાં આવ્યો હતો આ પ્રતિભાની અંદર શાકભાજીના બીજ થી છોડ ઉગી શકે છે.આ પ્રતિમાઓનું ઘરે જ વિસર્જન કરી તે માટી બગીચામાં પણ ઉપયોગમાં લઇ શકાય છે શહેરમાં પણ 60 લોકોએ ઇકો ફ્રેન્ડલી શ્રીજીની પ્રતિમા માટે પસંદગી કરી છે. સખી મંડળની દસ જેટલી બહેનો પણ આ કાર્યમાં અગત્યનો ફાળો આપી રહ્યાં છે.- રીના રસ્તોગી, સાવિત્રી હર્બલ અને સખી મંડળ, વડોદરા





### એક હજાર કિલો ફૂલોનું કંપોસ્ટ કરી ફર્ટિલાઇઝર રહિત માટી સાથે શાકભાજીના બીજ ઉમેરી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર કરી




શહેરના રાજમહેલ રોડ ખાતે શ્રી બાળ પ્રગતિ યુવક મંડળ દ્વારા છેલ્લા 47 વર્ષોથી શ્રીજીની સ્થાપના સાથે શ્રીજી ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે પરંતુ વર્ષ 2008 થી આ યુવક મંડળ દ્વારા મુબઇ લોવર પરેલ વર્કશોપ ખાતેથી શ્રીજીની પ્રતિમાઓ તૈયાર કરાવી સ્થાપના કરવામાં આવતી હતી પરંતુ પી.ઓ.પી.ની પ્રતિમાથી પર્યાવરણ, જળચર જીવોને નુકસાન થતું હોય અમે છેલ્લી પ્રતિમા વર્ષ 2015મા લાલબાગના રાજાની લાવ્યા હતા તેને 6 વર્ષ સુધી સાચવી એ જ પ્રતિમાને દર વર્ષે નવા રંગરૂપ સાથે સ્થાપના કરતા હતા અને નાની પ્રતિમાનું વિધિવત કૃત્રિમ તળાવમાં વિસર્જન કરતા હતા આ પ્રતિમા અમારા મંદિરમાં જ રહેતી જ્યાં દર વિનાયક, અંગારકી ચોથના દિવસે ભજન કિર્તન કરવામાં આવતું નિત્ય પૂજા કરવામાં આવતી સાથે જ ફેબ્રુઆરી મહિનામાં ગણેશ જન્મોત્સવ નિમિત્તે અહીં સવારે સાંજે આરતી,ભજન,વારકરી સંપ્રદાય દ્વારા ભજન રાત્રે શિવ અથર્વના પાઠનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો ત્યારબાદ આ પી.ઓ.પી.ની પ્રતિમા ધીમે ધીમે ખંડિત થતાં અમે વર્ષ -2022 માં ગોરવાના કલાકાર તપન બંગાળી પાસેથી લાલબાગના રાજાની ફાયબરની શ્રીજીની પ્રતિમા તૈયાર કરાવી જેને 'ઇચ્છાપૂર્તિ ગણેશ' તરીકે દર વર્ષે પંડાળમા સ્થાપિત કરીએ છીએ દસ દિવસ સ્થાપના દરમિયાન દરરોજ અલગ અલગ કાર્યક્રમો જેમાં બાળકોથી લઈને મોટી ઉંમરના લોકો સુધી ભજન,સંગીત,વારકરી સંપ્રદાય દ્વારા ભજન કિર્તન, મિમિક્રી, સાથે જ અલગ અલગ કાર્યક્રમો કરીએ છીએ અને દસ દિવસના અંતે વિસર્જન માટે પ્રતિમાને પંડાળથી માર્કેટ ચારરસ્તા સુધી પરિક્રમા કરી અલ્હાબાદ બેંક સામે અથર્વ શિષ્યના પઠન સાથે પાંચ પ્રકારના પવિત્ર જળ થી પ્રતિમાને અભિષેક કરવામાં આવે છે અને નાની પ્રતિમાનું વિધિવત વિસર્જન કરી આ ફાયબરની પ્રતિમાને ઢાંકી દઇ પરત મંડળ દ્વારા એક દિવસ પંડાળમા રાખી પાછી મંદિરમાં સ્થાપિત કરવામાં આવે છે. બીજા કેટલાક મંડળો પણ ફાયબરની પ્રતિમા આ રીતે જ સ્થાપિત કરે છે પરંતુ દરવર્ષે તેના આકાર રંગ રૂપમાં ફેરફાર કરાવે છે પરંતુ આ પ્રતિમાને ફક્ત રંગરૂપ ટચ અપ કરાય છે આકારમાં કોઈ ફેરફાર કરાતો નથી. -પંઢરીનાથ તુકારામ શાને -આયોજક, બાળ પ્રગતિ યુવક મંડળ, રાજમહેલ રોડ, વડોદરા




### હવે પર્યાવરણને ધ્યાનમાં રાખીને ફાયબરની શ્રીજીની પ્રતિમા સ્થાપિત કરાય છે




### મુંબઇના કલાકારો જે પ્રતિમા તૈયાર કરે છે તેને જોતાં જ રહી જઇએ તે પ્રકારની હોય છે કલાકારો પવિત્રતા અને પ્રેમથી પ્રતિમાઓ તૈયાર કરે છે

અમારા કોયલી ફળિયા યુવક મંડળ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના સને 1925 માં થઇ હતી ત્યારથી શ્રીજીની સ્થાપના સાથે શ્રીજી ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે ગત વર્ષે રિધ્ધિ સિધ્ધિ સહિત શ્રીજીની 22 ફૂટની પ્રતિમા એટલે 14 ફૂટ ઉંચી પ્રતિમા ટ્રોલી સાથે મુંબઇ લોવર પરેલ વર્કશોપ થી તૈયાર કરાવીએ છીએ. છેલ્લા પાંચ વર્ષથી અમે આ લોવર પરેલ વર્કશોપ મુંબઇ થી પ્રતિમા તૈયાર કરાવી અહીં લાવીએ છીએ તેનું કારણ કે ત્યાં ચોવીસ કલાક વર્કશોપ કાર્યરત રહે છે જેમાં મૂર્તિકારો ખૂબ જ પવિત્રતા અને પ્રેમથી પ્રતિમા તૈયાર કરે છે આપણને આ પ્રતિમાઓ જોયા જ કરવાનું મન થાય એટલી આકર્ષક લાગે છે પ્રતિમાની બોલતી આંખો, મુખારવિંદ, શણગાર જોવા લાયક હોય છે ત્યારે આ વર્ષે મંડળના 100મા વર્ષે મલ્હારી ટાઇપ ભગવાન ખંડોબાના સિંહાસન જેવા બેકગ્રાઉન્ડ સાથે મહારાજા સ્વરુપે શ્રીજીની પ્રતિમા તૈયાર કરાવી રહ્યા છીએ જેનો સ્કેચ ત્યાંના આર્ટિસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અમે 09 ઓગસ્ટના રોજ રક્ષાબંધનના રાત્રે પ્રતિમા લેવા જઇશુઆ 100મા વર્ષે 14 ફૂટની પ્રતિમા તૈયાર કરાવી રહ્યા છીએ જે ટ્રોલી સાથે 22 ફૂટની પ્રતિમા લાવીશું ધામધૂમથી આગમનયાત્રા, સ્થાપના કરીશું સ્થાપના બાદ અમે નવલખી કૃત્રિમ તળાવ ખાતે વિસર્જન કરીએ છીએ તે રીતે ધામધૂમથી વિસર્જન કરીશું. સંકેત રવિન્દ્ર વિચારે-આયોજક, કોયલી ફળિયા યુવક મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરા